Extra No. 263

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] THURSDAY , SEPTEMBER 18, 2025 / BHADRA 27, 1947

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી આયોગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૨૫

ક્રમાંક: રાચઆ-ચટણ-સમક-નપા-ઈડર-યુનીટ-૧-૨૦૨૫.

ઈડર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની વારાફરતી ફાળવણી અંગેનો પ્રાથમિક આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની (જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ-૬ની પેટા કલમ ૪થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી આયોગમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની, પેટા કલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી આયોગે ચૂંટણી હાથ ધરવાની છે.

રાજ્ય સરકારે ગુજરાત લોકલ ઓથોરીટીઝ લોઝ(એમેડમેન્ટ) એકટ ૨૦૦૯ થી ગુજરાત નગરપાલિકા અધિનિયમમાં કેટલાક સુધારા કરવામાં આવેલ છે. આ સુધારા અન્વયે નગરપાલિકામાં ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત રાખવાનું નકકી કરવામાં આવેલ છે. રાજ્ય સરકારે મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના (સુધારા) નિયમો ૨૦૧૫માં સુધારો કરી નગરપાલિકા માટે એક વોર્ડમાં ચાર બેઠકો રાખવા અને તે પૈકી બે બેઠકો સ્ત્રીઓ માટે અને બાકીની બે બેઠકો જરૂરિયાત મુજબ અનામત કે બીન અનામત રાખવા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ ૬(૩) ના પેટા ખંડ (ગ) મુજબ બેઠકોની કુલ સંખ્યાના ૨૭ ટકા સુધીની મર્યાદામાં બેઠકો પછાત વર્ગ માટે અનામત રાખવાની છે. આ અંગે ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૩ (ગુજરાત-૧૭ ઓફ ૨૦૨૩), તા.૨૯/૦૯/૨૦૨૩થી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પછાતવર્ગોની બેઠકોની અનામતની ટકાવારીમાં સુધારો કરી ૨૭ ટકા સુધીની બેઠકો પછાતવર્ગો માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવેલ છે.આ અંગે વોર્ડની સંખ્યા તથા બેઠકો (અનામત બેઠકો સહિત)ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા જાહેરનામાં બહાર પાડવામાં આવેલ છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ તથા કલમ ૬ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/77 of 2025/UDUHD/mis/MPMLA/18/2022/0002/M, તા.૧૨/૦૨/૨૦૨૫થી જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ઈડર શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૧૧ ની વસ્તીગણતરીના આંકડાના આધારે ઈડર નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૮ બેઠકો નકકી કરેલ છે. વિભાગે જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: KV/77 of 2025/UDUHD/ mis/MPMLA/18/2022/ 0002/M, તા.૧૨/૦૨/૨૦૨૫થી અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, અને તે હેઠળના સુધારા નિયમો ૨૦૧૫ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૪. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યત: વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં રાજ્ય ચૂંટણી આયોગને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૫. રાજ્ય ચૂંટણી આયોગે વોર્ડોનાં સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૧૧ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિદ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૩૭૭૨૮ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૫૩૯૦ ની થાય છે.

૬. એકઠી કરેલ માહિતીની આયોગે તેના કાર્યાલયના અધિકારીઓ/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે એકપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૭. શહેરના ૭ વોર્ડોનું નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૮. નિયમોના નિયમ (સુધારા)-૪ અન્વયે દરેક વોર્ડમાં ચાર કાઉન્સીલર ચૂંટવાના છે તેમજ નિયમોના (સુધારા) નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી બે બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બે બેઠકો સરકારે બહાર પાડેલ જાહેરનામાં મુજબ જરૂરિયાત મુજબ અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને અથવા બીન અનામત ફાળવવાની રહે છે.

૯. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડોમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોનાં ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠકો સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાંવધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવવાનું ધોરણ નિર્ધારીત કરવાનું થાય. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકો ફાળવણી નિયમો-૧૯૯૪ના નિયમ-૬(ક) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ સ્ત્રીઓની બેઠક આ જાતિઓના વસ્તીની સૌથી ઉંચી ટકાવારી હોય તેવા વોર્ડોનો ઉતરતો ક્રમ નકકી કરી ઉતરતા ક્રમના બીજા, ચોથા, છઠ્ઠા અને આઠમાં એમ બેકી સંખ્યાના ક્રમમાં ફાળવવામાં આવશે.

૧૦. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૧. સને ૨૦૧૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૩	૫૬૧૧	૧૮૩૪	૩૨.૬૮
૨	૪	૫૨૯૮	૯૬૫	૧૮.૨૧
૩	૭	૫૬૪૩	૫૧૩	૯.૦૯
૪	૨	૫૪૪૨	૩૮૯	૭.૧૪
૫	૫	૫૧૩૪	૨૦૭	૪.૦૩
૬	૬	૫૩૧૫	૧૮૨	૩.૪૨
૭	૧	૫૨૮૫	૧૦૩	૧.૯૧
કુલ		૩૭૭૨૮	૪૧૯૩	

૧૨. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૩, ૪ તથા ૭ માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનુસૂચિત જાતિ માટેની અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૩. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શક્ય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતા વોર્ડ નં. ૪ માં અનુસૂચિત જાતિ સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક (આ વર્ગની સ્ત્રી બેઠક સહિત) વોર્ડ નં. ૩, ૪ તથા ૭ માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ આ વર્ગની બેઠકોની ફાળવણી નીચે પ્રમાણે કરવાની થાય છે.

વોર્ડ નંબર	બેઠક
૩	અનુસૂચિત જાતિ
૪	અનુસૂચિત જાતિ સ્ત્રી
૭	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૬. સને.૨૦૧૧ની વસ્તી ગણતરીના આખરી પ્રસિદ્ધ થયેલ આંકડા મુજબ નગરપાલિકાની જુદા જુદા સૂચિત વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત આદિજાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૫	૫૧૩૪	૧૧૧૭	૨૧.૭૫
૨	૬	૫૩૧૫	૬૪૩	૧૨.૦૯
૩	૩	૫૬૧૧	૫૬૦	૯.૯૮
૪	૨	૫૪૪૨	૩૧૦	૫.૬૯
૫	૪	૫૨૯૮	૨૮૫	૫.૩૭
૬	૧	૫૨૮૫	૧૬૪	૩.૧૦
૭	૭	૫૬૪૩	૧૭૪	૩.૦૮
કુલ		૩૭૭૨૮	૩૨૫૩	

૧૭. આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી ક્રમ મુજબ વોર્ડ નં. ૫ અને ૬ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ-૬(ક) હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યત: આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા શકય હોય ત્યાં સુધી દર બેકી સંખ્યાના ઉતરતા ક્રમે આવતા વોર્ડમાં આ વર્ગની સ્ત્રી બેઠક ફાળવવી તેમ રાજ્ય ચૂંટણી આયોગ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૬ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે.

૧૮. અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૫ અને ૬ માં નિયમોના નિયમ-૬ અન્વયે નીચે પ્રમાણે ફાળવણી કરવા થાય છે.

વોર્ડ નંબર	બેઠક
૫	અનુસૂચિત આદિજાતિ
૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૯. જાહેરનામા અન્વયે ૮ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૪ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી આયોગે તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો થાય.

૨૦. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૮ બેઠકો પછાતવર્ગ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અને ૮ બેઠકો પૈકી ૪ પછાતવર્ગની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. ઈડર નગરપાલિકાના સૂચિત ૭ વોર્ડોની વસ્તી પછાતવર્ગની અંદાજીત વસ્તી અને તેની ટકાવારી ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પછાતવર્ગની કુલ અંદાજીત વસ્તી	વોર્ડની વસ્તી સામે પછાતવર્ગની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૧	૫૨૮૫	૨૬૨૬	૪૯.૬૮
૨	૩	૫૬૧૧	૧૭૮૩	૩૧.૭૭
૩	૪	૫૨૯૮	૧૪૬૩	૨૭.૬૧
૪	૨	૫૪૪૨	૧૦૯૦	૨૦.૦૨
૫	૫	૫૧૩૪	૯૫૫	૧૮.૬૦
૬	૭	૫૬૪૩	૮૭૫	૧૫.૫૦
૭	૬	૫૩૧૫	૬૦૭	૧૧.૪૨
કુલ		૩૭૭૨૮	૯૩૯૯	

૨૧. પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં૧, ૩, ૪, ૨, ૫, ૭, ૬ અને ૧ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી બીજા ક્રમે વોર્ડ નં. ૩, ૨, ૭ અને ૧ માં પછાતવર્ગ સ્ત્રીની અને વોર્ડ નં. ૧, ૪, ૫ અને ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાતવર્ગ
૩	પછાતવર્ગ સ્ત્રી
૪	પછાતવર્ગ
૨	પછાતવર્ગ સ્ત્રી
૫	પછાતવર્ગ

વોર્ડ નંબર	બેઠક
૭	પછાતવર્ગ સ્ત્રી
૬	પછાતવર્ગ
૧	પછાતવર્ગ સ્ત્રી

૨૨.(૧) ભારતના બંધારણના અનુચ્છેદ-૨૪૩-વક, ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩, તથા તે હેઠળ બનેલા નિયમો તથા શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામામાં કરેલ જોગવાઇઓનો અમલ કરવા માટે રાજ્ય ચૂંટણી આયોગને મળેલ સત્તાની રૂએ નગરપાલિકાઓની આગામી સામાન્ય ચૂંટણી માટે નગરપાલિકાઓના વોર્ડોમાં બેઠકોની વારાફરતી ફાળવણી કરવા નીચે મુજબના માર્ગદર્શક સિદ્ધાંતો/માપદંડ નકકી કરવા રાજ્ય ચૂંટણી આયોગે તા.૦૯/૦૯/૨૫થી આદેશ કરવામાં આવેલ છે.

(ક) જે નગરપાલિકાઓ માટે કેટલાક ઉમેરાયેલા વિસ્તારો બાદ ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) કરવાનું છે તેવી નગરપાલિકાઓમાં અગાઉની સામાન્ય ચૂંટણી વખતે કરેલ વોર્ડ સીમાંકન (અનામત બેઠકોની ફાળવણી સહિત) ના વોર્ડ નંબર/ વોર્ડના નામ મહદઅંશે સરખા વિસ્તારના હોય તો, તે નવા વોર્ડ સીમાંકન વખતે અનામત બેઠકોની ફાળવણી સમયે, અનામત બેઠકો પુનરાવર્તિત ન થાય, તે રોટેશન કરતી વખતે ધ્યાનમાં લેવાનું રહેશે. મતલબ કે નવા સીમાંકન બાદ જો વોર્ડ રચનામાં આંતરિક ફેરફાર થતા હોય તો તે ધ્યાને લેવાના રહેશે નહિ. તે મુજબ હદમાં ફેરફાર થયેલ નગરપાલિકાઓની હવે પછી યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે કાયદા / નિયમોની જોગવાઇઓને અનુરૂપ વારાફરતી બેઠકો ફાળવણી કરવાની રહેશે.

(ખ) સને ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે શહેરી વિકાસ વિભાગ દ્વારા હદમાં ફેરફાર થવાના કારણે ઉમેરાયેલા વિસ્તાર માટે નગરપાલિકાના વોર્ડ સંખ્યા / અનામત બેઠકો સહિત નકકી થયા મુજબ રાજ્ય ચૂંટણી આયોગે કરેલ વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની કરવાના થતાં ફાળવણીના આદેશોમાં અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠક છેલ્લા સીમાંકનમાં ફાળવાયેલ હોય, તે પુનરાવર્તીત થતી હોય તો, તેના ઉતરતા ક્રમમાં ત્યાર પછીના ખાસ ક્રમાંકને બેઠક ફાળવણી અનુસૂચિત જાતિ / અનુસૂચિત આદિજાતિની બેઠકો અને આ વર્ગની સ્ત્રીને બીજાક્રમે રાખીને બેઠક ફાળવવાની રહેશે.

(ગ) અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિ બેઠકોનું વારાફરતી ફાળવણી કર્યા બાદ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની બેઠક છેલ્લા સીમાંકનમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની વસ્તી માટે કરવામાં આવેલ સર્વે અને સર્વે મુજબ વોર્ડવાર નિયત થયેલ ટકાવારીના ક્રમ મુજબ બેઠક ફાળવાયેલ હોય તેની પછીના ક્રમમાં અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૧૧-૧૨-૨૦૧૪ના આદેશથી નકકી કરેલા માપદંડ અનુસાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગમાં સ્ત્રીને બીજા ક્રમે આપી બેઠક ફાળવવાની રહેશે.

શહેરી વિકાસ વિભાગના તા.૨૧-૦૬-૨૦૨૫ના જાહેરનામાથી નિયમ-૭માં થયેલ સુધારાની જોગવાઇ અને રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાત વર્ગ તથા સ્ત્રીઓ માટે અનામત બેઠકો વારાફરતી ફાળવણી નીચે મુજબ કરવામાં આવે છે.

વોર્ડ નં ૩.અને ૪માં વર્ષ ૨૦૧૮ની સામાન્ય ચૂંટણી વખતે અનુસૂચિત જાતિની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તીત થતી હોય આ વોર્ડમાં બેઠક ફાળવવામાં આવેલ નથી. આથી અનુસૂચિત જાતિની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત જાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૩	૭	અનુસૂચિત જાતિ
૨	૪	૨	અનુસૂચિત જાતિ સ્ત્રી
૩	૫	૫	અનુસૂચિત જાતિ

વોર્ડ નં. ૫ અને ૬ માં વર્ષ ૨૦૧૮ની સામાન્ય ચૂંટણી વખતે માં અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવેલ હોય તે બેઠક પુનરાવર્તીત થતી હોય આ વોર્ડમાં બેઠક ફાળવવામાં આવેલ નથી. આથી અનુસૂચિત આદિજાતિની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

અનુસૂચિત આદિજાતિ માટે ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૩	૩	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૨	૪	૨	અનુસૂચિત આદિજાતિ

રાજ્ય ચૂંટણી આયોગના તા.૦૯/૦૯/૨૦૨૫ના આદેશ મુજબ પછાત વર્ગની બેઠકો નીચે મુજબ ફાળવવામાં આવે છે.

પછાતવર્ગની ફાળવેલ બેઠકો

અ.નં.	ખાસ ક્રમાંક	વોર્ડ નંબર	ફાળવેલ બેઠક
૧	૨	૩	પછાતવર્ગ
૨	૩	૪	પછાતવર્ગ સ્ત્રી
૩	૫	૫	પછાતવર્ગ સ્ત્રી
૪	૬	૭	પછાતવર્ગ સ્ત્રી
૫	૭	૬	પછાતવર્ગ
૬	૧	૧	પછાતવર્ગ
૭	૩	૪	પછાતવર્ગ
૮	૭	૬	પછાતવર્ગ સ્ત્રી

૨૩. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૪. સમગ્રત: તમામ પાસાઓનો અભ્યાસ કરીને ઈડર નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૫. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૬. અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને અનુસૂચિ-૨માં જણાવ્યા મુજબ બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ નાગરિક કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિદ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી આયોગ, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. જેની એક નકલ જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીને આપવાની રહેશે. મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી આયોગ ઈડર નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદો આખરી કરતાં પહેલાં રાજ્ય ચૂંટણી આયોગમાં નોંધાયેલ માન્ય રાજકીય પક્ષા સાથે જરૂરી પરામર્શ કરશે.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશથી,

આર. જી. ગોહિલ,

સચિવ.

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-નપા-ઈડર-યુનીટ-૧-૨૦૨૫ તા. ૧૮/૦૯/૨૦૨૫નું બિડાણ.

અનુસૂચિ-૧

ઈડર નગરપાલિકા, જિલ્લો સાબરકાંઠા

વોર્ડ નં.૧

સુચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત		બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જ.જા. વસ્તી	અ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી નંબર સુધી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	૧	૧૧૦	૧૦૦	૧૧૩૮	૧/૧/૧	૧/૧/૨૪૦	મુધણેશ્વર મહાદેવ થઈ હાલુડી તલાવડી વિસ્તાર, આદિજાતિ તથા અન્ય પછાતવર્ગ વિસ્તાર
	૨	૦	૦	૬૮૪	૧/૨/૧	૧/૨/૧૫૧	રાવરીયાવાસ, ઠાકરડા વાસ, મહાકાલી મંદિર પાસેના જોગણીમાતાના મંદિર સુધી
	૩	૦	૦	૫૬૦	૧/૩/૧	૧/૩/૧૫૪	લક્ષ્મીનારાયણ મંદિર, દશામા મંદિર સુધીનો વિસ્તાર
	૪	૧૪	૦	૫૫૧	૧/૪/૧	૧/૪/૨૬૦	સગરવાડા, પંચાલ વાસ, ચંદ્રેશ્વર મહાદેવ, કુંડ વિસ્તાર, વિશ્વકર્મા મંદિર
	૫	૦	૦	૫૩૪	૧/૫/૧	૧/૫/૨૮૬	મોદીની વાવ, જુના બજારના પૂર્વ તરફનો વિસ્તાર, મનુભાઈ ભાવસારના મકાન થી ટાવર થઈ જુના બજાર સુધીનો પૂર્વનો વિસ્તાર, પારેખવાડા પશ્ચિમ તરફ
	૬	૮	૦	૫૬૪	૧/૬/૧	૧/૬/૨૩૦	ચિંતામણી દેરાસર, ડેભોલ નદીનો જમણી તરફનો વિસ્તાર
	૭	૨૭	૦	૫૦૬	૧/૭/૧	૧/૭/૨૩૦	કન્યા શાળા, ચિંતામણી દેરાસર, બાલાપીરની ગલી, માતાવાળી ફળી, ચંપાગલી, પંડ્યા ફળી, વડલાવાળી ફળી, કન્યા શાળા સુધી ફકીર, માધુરામજીનો કુવો, સુરતીની ખડકી, જુની પોસ્ટ ઓફીસ, ધોબીવાસ
	૨૦	૫	૩	૭૪૮	૧/૨૦/૧	૧/૨૦/૧૮૮	જુના પોલીસ સ્ટેશન પાસે રસુલભાઈના ડેલા સુધીનો વિસ્તાર
	કુલ	**૧૬૪**	**૧૦૩**	**૫૨૮૫**			

વોર્ડ નં.૧ની હદનું વર્ણન:-

ઈડર શહેરના વાયવ્યથી ઉત્તર તરફની ડુંગરની ગીરીમાળાથી ઉત્તર તરફના જૈન દેરાસર ઈશાન ખૂણાથી પૂર્વ તરફનો કુંડ વિસ્તાર ચતુર્ભુજ વાવ તથા સ્વામિનારાયણ મંદિરથી અગ્નિ ખૂણામાં આવેલ દક્ષિણ તરફ મહામંદિર થઈ મોદીની વાવ થઈ સગરવાડા થઈ નૈઋત્ય ખૂણાથી શ્યામનગર સોસાયટી હાલુડી વિસ્તાર દક્ષિણ પશ્ચિમ તરફ આંબેડકરનગર સોસાયટીથી સર્વે નં. ૧૯૫, ૧૯૪, ૧૯૩, ૧૯૨, ૧૯૧ થી સર્વે નં.૨૦૬ થી ઉત્તર પશ્ચિમના વાયવ્ય તરફ સર્વે નં.૨૬/A/૨ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૨

સુચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત		બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જ.જા. વસ્તી	અ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી નંબર સુધી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૨	૮	૮	૦	૬૫૧	૧/૮/૧	૧/૮/ ૨૩૩	ઝમઝમ સોસાયટી, જુની રામદ્વારા સુધીનો વિસ્તાર
	૧૦	૨૪	૧	૬૭૧	૧/૧૦/૧	૧/૧૦/ ૧૯૮	ગઢ નીચે થી સિવિલ હોસ્પિટલ થી સળંગ ઘાંટી રોડ ઉપર, ઈન્દ્રનગર, મદની સોસાયટી

સુચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત		બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જ. જા. વસ્તી	અ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી નંબર સુધી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
	૧૧	૧૨૧	૦	૧૦૨૧	૧/૧૧/૧	૧/૧૧/ ૧૯૯	અંબાજી મંદિર ઘાંટી નીચે, રામેશ્વર મંદિર સુધી
	૧૨	૧૨૧	૨	૮૩૨	૧/૧૨/૧	૧/૧૨/ ૨૦૫	ભીલવાસથી રામદ્વારા સુધી બ્રાહ્મણ વાડી ઉત્તર તરફ
	૧૩	૫	૦	૬૭૬	૧/૧૩/૧	૧/૧૩/ ૧૪૭	બ્રાહમણવાડી થી સિંધીવાડો તથા ભાટીયાવાસ, ભોઈવાડા
	૧૬	૩૧	૩૮૬	૮૩૮	૧/૧૬/૧	૧/૧૬/ ૧૮૯	ખટીકવાસ થઈ ભોઈવાડા, વાલ્મિકીવાસ, ટેબાનો વાસ
	૧૭	૦	૦	૭૫૩	૧/૧૭/૧	૧/૧૭/ ૧૬૪	ઘાંટી જતા ઉત્તર દક્ષિણનો વિસ્તાર તથા બ્રાહ્મણ વાડી વિસ્તાર
	કુલ	૩૧૦	૩૮૯	૫૪૪૨			

વોર્ડ નં.૨ની હદનું વર્ણનઃ-

વાયવ્યથી ઉત્તર તરફની ગીરીમાળા થી ડુંગરની તળેટીથી પૂર્વ તરફનાં ઈશાન ખૂણાનાં સર્વે નં. ૧૩ થી પૂર્વ તરફ ડુંગરની તળેટીથી દક્ષિણ પૂર્વ અગ્નિ ખૂણામાં આવેલ ગામ તળ વિસ્તારથી દક્ષિણે આવેલ ભોઈવાડા થી દક્ષિણ પશ્ચિમનાં નૈઋત્ય ખૂણે આવેલ ભાટીયાવાસ, ઠાકોરવાસ, ખટીકવાસ, વાલ્મિકીવાસ થી પશ્ચિમે આવેલ પાંચ હાટડીયા કુવા તરફ થી ઉત્તર પશ્ચિમ વાયવ્યની ગીરીમાળાથી ઉત્તર તરફનો સમાવિષ્ટ તમામ વિસ્તાર

વોર્ડ નં.૩

સુચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત		બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જ.જા. વસ્તી	અ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી નંબર સુધી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૩	૧૪	૦	૨૦૫	૬૧૮	૧/૧૪/૧	૧/૧૪/૧૫૬	કોરી કુઈ થી ચુનારવાડા, ભાંભીવાસ-૧ સુધી
	૧૫	૦	૪૩૩	૪૩૬	૧/૧૫/૧	૧/૧૫/૧૪૪	ભાંભીવાસ-૧
	૧૮	૦	૦	૧૦૮૦	૧/૧૮/૧	૧/૧૮/૨૧૯	મોટા કસ્બા
	૯	૦	૧૬	૭૧૫	૧/૯/૧	૧/૯/૧૬૭	નાનો કસ્બો, મહામંદિર થી નાના કસ્બા
	૧૯	૩	૦	૨૬૩	૧/૧૯/૧	૧/૧૯/૧૬૦	ત્રણ ઘાંણી ટાવર થી જુના પોલીસ સ્ટેશન
	૨૧	૦	૦	૬૦૫	૧/૨૧/૧	૧/૨૧/૧૪૧	જૈન ધર્મશાળા પાછળ બારી વિસ્તાર
	૨૨	૫૪૧	૮૭	૭૬૪	૧/૨૨/૧	૧/૨૨/૨૪૬	સાર્વજનિક હિન્દુ ધર્મશાળા, ધનેશ્વર ડુંગળી
	૨૩	૦	૩૪૩	૩૫૫	૧/૨૩/૧	૧/૨૩/૧૭૯	સી.કે.સરસ્વતી વિદ્યામંદિરનો પરમારવાસ-૨
	૨૪	૧૬	૭૫૦	૭૭૫	૧/૨૪/૧	૧/૨૪/૧૬૦	લીમડાવાળી ફળી, ઠક્કરબાપા આશ્રમ, અનુસૂચિત જાતિ વાસ, ધુળેટા દરવાજા
	કુલ	૫૬૦	૧૮૩૪	૫૬૧૧			

વોર્ડ નં. ૩ની હદનું વર્ણનઃ-

ઈડર શહેરની ઉત્તર તરફ આવેલ મદીના ટાવર, સગરવાડા થી ઉતર પૂર્વ ઈશાન ખૂણામાં આવેલ બાલાપીર દરગાહ અને નાના કસબાથી પૂર્વ તરફ ડુંગરની ગીરીમાળા પાસે આવેલ મોટા કસ્બાથી ચુનારવાડાથી દક્ષિણ પૂર્વે અગ્નિ ખૂણે આવેલ પરમાર વાસ ૧, સાબરકાંઠા બેંક થી ઠક્કરબાપા આશ્રમથી ધનેશ્વર ટેકરી થી દક્ષિણ તરફ ગામ તળ સર્વે નંબર ૧૨૦ થી દક્ષિણ પશ્ચિમ તરફ નૈઋત્ય ખૂણે આવેલ સર્વે નં ૧૨૮ થી પશ્ચિમ તરફે આવેલ સર્વે નંબર ૧૩૨, ૧૩૧, ૧૩૦ થી ઉત્તર પશ્ચિમ વાયવ્યથી ઉત્તર તરફનો સમાવિષ્ટ તમામ વિસ્તાર .

વોર્ડ નં.૪

સુચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત		બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જ.જા. વસ્તી	અ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી નંબર સુધી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૪	૨૬	૨૯	૭૫	૬૪૩	૧/૨૬/૧	૧/૨૬/૧૭૦	ઈન્દ્રનગર, ઉમીયા પરિવાર તથા મહાવીરનગર સોસાયટી
	૨૭	૦	૪	૩૪૭	૧/૨૭/૧	૧/૨૭/૧૯૮	વણજારા વાસ
	૨૮	૫૯	૪૯	૧૭૩	૧/૨૮/૧	૧/૨૮/૨૧૧	અંબિકાનગર સોસાયટી, નંદનવન સોસાયટી, લક્ષ્મિનારાયણ સોસાયટી
	૩૦	૨૩	૦	૭૬૪	૧/૩૦/૧	૧/૩૦/૩૪૦	ધનેશ્વર સોસાયટી, આનંદનગર સોસાયટી
	૩૧	૦	૦	૭૬૪	૧/૩૧/૧	૧/૩૧/૧૬૯	આવકાર, ધનેશ્વર સોસાયટી
	૩૨	૪૦	૬૫૬	૧૧૪૮	૧/૩૨/૧	૧/૩૨/૪૨૧	ધનેશ્વર ટેકરી, સાકરીયા સોસાયટી, શિખર સોસાયટી
	૪૯	૩૭	૨	૭૧	૧/૪૯/૧	૧/૪૯/૨૩	જવાનપુરા ગામ, ઠાકરડાવાસ, વણકરવાસ, શિલાલેખ સોસાયટી
	૫૦	૨૯	૧૭૯	૭૮૫	૧/૫૦/૧	૧/૫૦/૧૬૩	શ્રિનાથ પાર્ક, વૈશાલી સોસાયટી ખોડીયારનગર, રવિપાર્ક, કલરવ સોસાયટી
	૫૨	૬૮	૦	૬૦૩	૧/૫૨/૧	૧/૫૨/૧૬૩	શિવઅલંકાર, કોલેજ, અજંતા, શ્રીરામ, સ્વસ્તિક સોસાયટી
	કુલ	**૨૮૫**	**૯૬૫**	**૫૨૯૮**			

વોર્ડ નં.૪ની હદનું વર્ણનઃ-

ઈડર શહેરના સર્વે નં.૧૧૭ થઈ ઉત્તર પૂર્વ ઈશાન ખૂણામા આવેલ સર્વે નંબર ૧૩૩ તથા સર્વે નં.૧૩૪ સાકરીયા સોસાયટી તથા પૂર્વ તરફ આવેલા સર્વે નં. ૧૨૭, ૧૨૩, ૧૨૨, ૧૨૧ થી દક્ષિણ પૂર્વે અગ્નિ ખૂણામાં સર્વે નં ૪૮, ૪૨ ૪૧ થી દક્ષિણ દિશા તરફ આવેલ સર્વે નં ૪૨, ૩૭, ૧૫૭ મહાવીરનગરથી સર્વે નં. ૧૬૦, ૧૭૦, ૧૬૯ તથા દક્ષિણ દિશામાં આવેલ સર્વે નં. ૧૭૬, ૧૭૭, ૧૭૮થી નૈઋત્ય ખૂણે આવેલ સર્વે નં ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૧, ૧૮૨ થી પશ્ચિમ તરફ આવેલ સર્વે નં ૧૯૦, ૧૮૫, ૧૮૯, ૧૮૮, ૧૫૦ થી ઉત્તર પશ્ચિમના વાયવ્ય ખૂણાથી સર્વે નં ૨૪૯, ૨૫૦, ૨૫૧ થી ઉત્તર તરફનો સર્વે નં.૧૧૭ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર

વોર્ડ નં.૫

સુચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત		બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જ.જા. વસ્તી	અ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી નંબર સુધી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૫	૨૯	૭	૦	૭૮૪	૧/૨૯/૧	૧/૨૯/૨૩૯	દલજીતનગર, પોસ્ટ ઓફીસ પાસેનો વિસ્તાર

સુચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત		બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જ.જા. વસ્તી	અ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી નંબર સુધી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
	૩૯	૩૧	૦	૪૨૫	૧/૩૯/૧	૧/૩૯/૧૪૯	રજાકભાઈ લુહાર, નાયકનગર, મારવાડી વિસ્તાર
	૪૦	૫૬	૫૯	૪૮૧	૧/૪૦/૧	૧/૪૦/૧૩૮	રેલ્વે સ્ટેશન તરફની રામટેકરી, દેવિપૂજક વાસ, વિજયનગર સોસાયટી, નાયકનગર પાછળનો વિસ્તાર
	૪૧	૨૩૭	૧૨૬	૮૫૯	૧/૪૧/૧	૧/૪૧/૨૦૬	રામનગર સેવાશ્રમ, ઈન્દીરા આવાસ
	૪૨	૩૯૫	૦	૫૮૨	૧/૪૨/૧	૧/૪૨/૧૪૦	ખેતીવાડી માર્કેટ, રેલ્વે સ્ટેશન
	૪૩	૨૬	૨૨	૪૦૧	૧/૪૩/૧	૧/૪૩/૨૧૫	મયુર માર્બલ પાસે
	૪૪	૨૧૭	૦	૭૯૩	૧/૪૪/૧	૧/૪૪/૧૬૯	બારેલા તળાવ સામેનો તથા આજુબાજુના વણજારાવાસ
	૪૫	૧૪૮	૦	૮૦૯	૧/૪૫/૧	૧/૪૫/૩૧૬	પંકજભાઈના મકાનની આજુબાજુનો વિસ્તાર
	કુલ	**૧૧૧૭**	**૨૦૭**	**૫૧૩૪**			

વોર્ડ નં.૫ની હદનું વર્ણનઃ-

ઈડર શહેરના વાયવ્ય ખૂણે પાણીની ટાંકી, સંપ થી ઉત્તર તરફ રામ ટેકરી વિસ્તાર થઈ ઉત્તર પૂર્વ ઈશાન ખૂણામાં આવેલ ડુંગર ની ગીરીમાળા થી પૂર્વ તરફ આવેલ પેટ્રોલ પંપ, સર્વે નં ૨૪, ૨૫, ભાટિયામિલથી દક્ષિણ પૂર્વે અગ્નિ ખૂણામાં આવેલ ડુંગરની ગીરીમાળામાં મહાકાલેશ્વર મંદિર થી દક્ષિણ તરફ આવેલ સર્વે નં ૩૯/A, ૪૪, ૪૫થી દક્ષિણ પશ્ચિમે નૈઋત્ય ખૂણે આવેલ ટેલીફોન એક્ષચેન્જ ઓફીસ થી દલજીત નગર, સર્વે નં. ૧૧૮ થી પશ્ચિમ તરફ આવેલ મોતીલાલ માર્કેટ થી સર પ્રતાપ હાઈસ્કૂલ થી પશ્ચિમ તરફ આવેલ વિસ્તારથી વાયવ્ય ખૂણા તરફનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૬

સુચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત		બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જ.જા. વસ્તી	અ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી નંબર સુધી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૬	૩૩	૨૫	૨૦	૪૧૩	૧/૩૩/૧	૧/૩૩/૯૪	પરમાનંદનગર સોસાયટી
	૩૪	૧૬	૧૦	૫૭૭	૧/૩૪/૧	૧/૩૪/૨૧૪	સત્યમ ચોકડી, શ્રીનગર ઉત્તર સુધીનો વિસ્તાર
	૩૫	૦	૦	૨૨૭	૧/૩૫/૧	૧/૩૫/૨૧૨	શ્રીનગર
	૩૬	૧	૦	૪૭૫	૧/૩૬/૧	૧/૩૬/૩૫૫	શ્રીનગર
	૩૭	૧૦	૧૯	૬૦૧	૧/૩૭/૧	૧/૩૭/૧૪૦	સાબર શીતકેન્દ્ર પાછળનો બિન ખેતી સર્વે નંબરો
	૩૮	૨૫૯	૫૭	૧૦૫૪	૧/૩૮/૧	૧/૩૮/૨૬૯	આદેશ વિદ્યાલય, શ્રીનગર દક્ષિણ વિસ્તાર
	૪૬	૧૬૮	૨૪	૬૧૬	૧/૪૬/૧	૧/૪૬/૧૪૪	રામલેશ્વર તળાવ
	૪૭	૨૮	૧૧	૮૪૬	૧/૪૭/૧	૧/૪૭/૧૬૫	સદગુરૂનગર, મારવાડી લક્ષ્મીજીન
	૪૮	૧૩૬	૪૧	૫૦૬	૧/૪૮/૧	૧/૪૮/૧૨૫	ઈડર લાલોડા રેલ્વે ક્રોસીંગ પાછળના રમલેશ્વર તળાવ વિસ્તાર.
	કુલ	**૬૪૩**	**૧૮૨**	**૫૩૧૫**			

વોર્ડ નં.૬ની હદનું વર્ણનઃ-

એસ.આર.પી હેડક્વાર્ટર વાયવ્ય ખૂણેથી ઉત્તરે આવેલ સંસ્કાર વિદ્યાલય થી શ્રીનગર થી સર્વે નં. ૧૧૩ થી ઉત્તર પૂર્વના ઈશાન ખૂણામાં આવેલ પ્રાથમિક શાળા થી પૂર્વ દિશા તરફ આવેલ રેવન્યુ સર્વે નં. ૪૬, ૪૭, ૪૮, ૪૯ થી દક્ષિણ પૂર્વ અગ્નિ ખૂણામાં આવેલ સર્વે ના ૬૮, ૬૯, ૭૦, ૭૧ થી દક્ષિણ દિશામાં આવેલ રમલેશ્વર તળાવ તથા તેની પાછળ નાં સર્વે ન ૭૩, ૭૪, ૭૫, ૭૮, ૭૯, ૪૦ થી દક્ષિણ પશ્ચિમ નાં નૈઋત્ય ખૂણે આવેલ સર્વે ના ૮૧, ૮૪ થી પશ્ચિમ તરફ આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની થઈ સર્વે નં. ૮૬, ૧૧૦ થી ઉત્તર પશ્ચિમ નાં વાયવ્ય ખૂણે આવેલ જે.બી ચેમ્બર્સ થી ઉત્તરે શ્રીનગરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૭

સુચિત વોર્ડ નંબર	ઈલેક્શન વોર્ડના બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન						
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત		બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જ.જા. વસ્તી	અ.જા.વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી નંબર સુધી		
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૭	૨૫	૬૬	૦	૫૫૦	૧/૨૫/૧	૧/૨૫/૧૭૦	ગાયત્રીનગર સોસાયટી
	૫૧	૧૮	૧૯૯	૮૫૮	૧/૫૧/૧	૧/૫૧/૨૦૫	અરવલ્લી સોસાયટી
	૫૩	૪૧	૦	૬૪૨	૧/૫૩/૧	૧/૫૩/૧૮૧	અરવલ્લી સોસાયટી, ઘનશ્યામ સોસાયટી, સવિતાપાર્ક સોસાયટી
	૫૪	૦	૩	૫૧૯	૧/૫૪/૧	૧/૫૪/૨૨૪	સર્વોદય જીન, એશિયન ટાઈલ્સ, આમ્રપાલી, સંસ્કાર બંગ્લોઝ, જનકપુરી, અૈબિકાનગર, ઉમાનગર સોસાયટી
	૫૫	૪	૮	૪૬૪	૧/૫૫/૧	૧/૫૫/૧૬૭	આમ્રપાલી સોસાયટી
	૫૬	૫	૮૪	૨૬૯	૧/૫૬/૧	૧/૫૬/૧૬૫	આનંદ હોસ્પિટલ
	૫૭	૭	૫	૬૧૪	૧/૫૭/૧	૧/૫૭/૧૬૧	અંબિકાનગર
	૬૧	૨	૦	૩૬૬	૧/૬૧/૧	૧/૬૧/૮૫	પટેલવાસ, વણકરવાસ
	૬૨	૦	૧૫૬	૩૯૬	૧/૬૨/૧	૧/૬૨/૮૨	વણકરવાસ
	૬૩	૧૬	૫૮	૫૭૩	૧/૬૩/૧	૧/૬૩/૧૨૬	પટેલવાસ, વિદ્યુતનગર સોસાયટી
	૬૪	૧૫	૦	૩૯૨	૧/૬૪/૧	૧/૬૪/૭૫	સુદર્શનગર, રામનગર
	કુલ	**૧૭૪**	**૫૧૩**	**૫૬૪૩**			

વોર્ડ નં.૭ની હદનું વર્ણનઃ-

ઈડર શહેરના સર્વે નં. ૮૭, ૮૮, ૯૧ થી ઉત્તર તરફ આવેલ સર્વે નં. ૪૭, ૧૬૮ પૈકી ૧૬૪, ૧૬૩, ૧૫૮ થી ઈશાન ખૂણામાં આવેલ સર્વે નં. ૩૨ થી આમ્રપાલી સોસાયટી, સર્વે નં. ૩૬ થી સવિતા પાર્ક થઈ સર્વોદય હોટલ થી પૂર્વ તરફ આવેલ સર્વે નં. ૨૯, પુષ્પકુંજ સોસાયટી, સર્વે નં. ૪૫, ૪, ૬/૧, ૬/૨, ૮, ૯ થી દક્ષિણ પૂર્વ અગ્નિ ખૂણામાં સર્વે નં. ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩,૧૨૫, ૧૨૯, ૧૩૦ થી દક્ષિણે આવેલ સર્વે નં. ૪, ૫, ૯, ૧૦, ૧૩ થી દક્ષિણ પશ્ચિમનાં નૈઋત્ય ખૂણે આવેલ સર્વે નં ૫૪, ૫૫, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૬૬, ૬૭થી પશ્ચિમ તરફે આવેલ સર્વે નં. ૬૮, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૭૮, ૮૧ થી ઉત્તર દિશામાં વાયવ્ય ખૂણે આવેલ સર્વે નં. ૮૪, ૮૫ થી ઉત્તર તરફ નાં સર્વે નં ૮૭, ૮૮, ૯૧ સુધીનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

આર. જી. ગોહિલ,

સચિવ.

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી આયોગ

ગુજરાત રાજ્ય, સચિવાલય, ગાંધીનગર

રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચઆ-ચટણ-સમક-નપા-ઈડર-યુનીટ-૧-૨૦૨૫ તા. ૧૮/૦૯/૨૦૨૫નું બિડાણ.

ઈડર નગરપાલિકાની સને-૨૦૧૧ ની વસતી ગણતરી મુજબ કુલ વસતી	૩૭૭૨૮		
કુલ વોર્ડની સંખ્યા	૭		
વોર્ડ દીઠ સરેરાશ વસતી	૫૩૯૦	સરેરાશ વસતીના ૧૦ ટકા વધ મુજબ :	૫૯૨૯
		સરેરાશ વસતીના ૧૦ ટકા ઘટ મુજબ :	૪૮૫૧
બેઠકોની સંખ્યા	૨૮		
કુલ સ્ત્રી બેઠકો	૧૪		
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ સ્ત્રી	
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૮	તે પૈકી ૪ બેઠકો પછાતવર્ગ સ્ત્રી	
કુલ અનામત બેઠકો	૨૧		
સામાન્ય બેઠકો	૭		

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	ત્રીજી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત	ચોથી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત
૧	૧	૫૨૮૫	સામાન્ય	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૫૪૪૨	અનુસૂચિત જાતિ	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૩	૩	૫૬૧૧	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૫૨૯૮	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૫૧૩૪	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૫૩૧૫	પછાતવર્ગ	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૫૬૪૩	પછાતવર્ગ	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
કુલ		**૩૭૭૨૮**				

આર. જી. ગોહિલ,

સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGH G THAKUR
Date: 2025.09.25 15:45:11 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar